### અરવલ્લી જિલ્લા એલસીબીએ

# ૨૪ ચેઈન સ્નેચીંગના ગુન્હા આચરતી ગેંગના મુખિયાને દબોચી લીધો

## અરવલ્લી જિલ્લામાં ૧૫, સાબરકાંઠા જિલ્લામાં ૪ અને રાજસ્થાનના ડુંગરપુરમાં ૫ ચેઈન સ્નેચીંગની ઘટનાને અંજામ આપ્યો

અરવલ્લી, તા. ૧૭

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરના માર્ગો પરથી દિન દહાડે અને સમી સાંજે પસાર થતી મહિલાઓના ગળામાં પહેરેલા સોનાના અછોડા તોડી ચેઈન સ્નેચીંગ ઘટનાને અંજામ આપી સમડીની માફક ઉડી જતી ચાયના ગેંગે તળખળાટ મચાવતા અને સાબરકાંઠા જિલ્લા અને રાજસ્થાનના ડુંગરપુરમાં પણ આજ મોડ્સ ઓપરેન્ડીથી દોરા તુટતા પોલીસતંત્રને પડકાર ફેંકતી ચાઈનાગેંગ બેફામ બની ગઈ હતી. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે અછોડા તોડનાર ચાઈના ગેંગને ઝડપી પાડવા બાતમીદારોનો સહારો લીધો હતો અને ફરીથી બાતમીના આધારે ચાયના ગેંગના મુખ્ય સૂત્રધાર નનેશ ઉર્ફે પપ્પુ (ચાયના)ને ટીંટોઈ ગામની સીમમાંથી પલ્સર બાઈક સાથે દેશી બનાવટની પિસ્તોલ અને સોનાની લગડીઓ, રોકડ રકમ સહીત દબોચી લીધો હતો. ચાઈના ગેંગનો મુખીયા ઝડપાતા પોલીસતંત્ર સહિત જિલ્લાની મહિલાઓને રાહતનો શ્વાસ લીધો હતો.





અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારો સહિત મોડાસા શહેરમાં છેલ્લા ત્રણ મહિનામાં ચેઈન સ્નેચીંગની ઘટનાઓમાં સતત ગ્રાફ ઉપર ચડી રહ્યો હતો. તદ્ઉપરાંત સાબરકાંઠા જિલ્લા અને રાજસ્થાનમાં પણ ચેઈનસ્નેચીંગની ઘટનાઓને અંજામ આપતા લબરમુછીયાને જિલ્લા એલસીબી પોલીસે ઝડપી લીધો હતો. ચેઈન સ્નેચીંગની ઘટનાઓમાં અછોડા તુટવાનો ભોગ બનેલી મહિલાએ પહેલા પણ ચેઈન સ્નેચીંગની ઘટનાઓને અંજામ આપતા નૈનેશ ઉર્ફે પપ્પુ ઉર્ફે ચાયના ઉર્ફે સર્કીટ ચીમનભાઈ ઉર્ફે સીમાજી મોડીયા રહે. (તખતપુરા, દધાલિયા)ને પોલીસે બતાવેલ ફોટાના આધારે ઓળખી બતાવતા અરવલ્લી જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના માર્ગદર્શન હેઠળ જિલ્લા એલસીબી પી.આઈ. વણઝારાની ટીમે બાતમીદારો રોકી નનૈશ ઉર્ફે ચાયનાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. તેના રહેણાંક સહિત અન્ય જગ્યાએ છાપા મારવા છતા ઝડપાયો ન હતો. ત્યારે બાતમીદારોના આધારે ટીંટોઈ-શણગાલ રોડ પર ટીંટોઈ ગામની સીમમાંથી પસાર થવાનો હોવાથી નવોચમાં ગોઠવાઈ જઈ નાકાબંધી કરી વાદળી કલરના નંબર વગરના પલ્સર બાઈક સાથે ઝડપી પાડ્યો હતો અને તેની અંગ ઝડતી લેતા લાયસન્સ વગરની ગેરકાયદેસર દેશી રીવોલ્વર કિંમત રૂ. ૧૦,૦૦૦, રોકડા રૂ. ૮,૨૦૦ તથા બજાજ પલ્સર કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી આવ્યા હતા અને તેની પુછપરછ હાથ ધરતા અરવલ્લી જિલ્લામાંથી ૧૫, સાબરકાંઠા જિલ્લામાંથી ૪ તથા રાજસ્થાનના ડુંગરપુરમાંથી ૫ મળી કુલ ૨૪ ચેઈન સ્નેચીંગ લૂંટના ગુન્હા ઉકેલવામાં સફળતા મળી હતી. તદ્ઉપરાંત નૈનેશ ઉર્ફે ચાઈના પાસેથી સોનાની ચેઈન સ્નેચીંગ કરેલી દોરાની સોનાની લગડીઓ, ૨૨૮૦૦૦ રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લામાં તળખળાટ મચાવતો નિલેશ મોડીયા ઉર્ફે ચાયના ઝડપાઈ જતા જિલ્લા પોલીસતંત્ર સહિત જિલ્લાવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો.

# મનરેગા યોજના અંતર્ગત ધનસુરા તાલુકામાં વ્યક્તિગત શૌચાલયની સુવિધા પુરી પાડવામાં આવશે

ધનસુરા, તા. ૧૭

ધનસુરા તાલુકામાં ૭૦ ટકા ગામો શૌચાલયથી વંચિત છે તેવા અહેવાલ બાબતે સ્પષ્ટતા કરતા ગ્રામ વિકાસ વિભાગે જણાવ્યુ છે કે ધનસુરા તાલુકાના તમામ કુટુંબોને શૌચાલયની સુવિધા પૂરી પાડવા ગ્રામ વિકાસ વિભાગે કવાયત હાથ ધરી છે. બીએલએસ-૨૦૧૨ના સર્વેની યાદીમાં સમાવેશ પામેલ તમામ કુટુંબોને શૌચાલય સુવિધા ઉપલબ્ધ બનાવી છે.

ધનસુરા તાલુકામાં બીએલએસ-૨૦૧૨ના સર્વેની યાદી સમાવેશ થયેલ કુટુંબોના ઘરે ઘરે જઈને સર્વે ફોર્મ ભરવામાં આવેલ હતા. તે તમામ કુટુંબોને વ્યક્તિગત સુવિધા પૂરી પાડવામાં આવી છે. જે કુટુંબો બીએલએસ-૨૦૧૨ની યાદીમાં નથી તેમણે ટીગરિંગ દ્વારા સમજાવી કલસ્ટર શૌચાલય એ સેરિંગ શૌચાલયનો ઉપયોગ કરવા સમજાવ્યા છે. હાલ જો કોઈ પણ કુટુંબો દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા કરવામાં આવતી હશે તો તેમની ફરીથી આઈઈસી-પ્રવૃત્તી હેઠળ ટીગરિંગ કરીને શૌચાલયનો ઉપયોગ કરવા માટેની સમજ આપવામાં આવશે. ધનસુરા તાલુકામાં શક્તિનગર, જનતાનગર વિસ્તારમાં પણ કેટલાક કુટુંબો શૌચાલયથી વંચિત છે તેમાં પણ આ કુટુંબો દ્વારા કલસ્ટર શૌચાલય એ સેરિંગ શૌચાલયનો ઉપયોગ કરવામાં આવશે, તેમજ જે કુટુંબો પાસે વ્યક્તિગત શૌચાલય નથી તેમને મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત શૌચાલયથી સુવિધા પુરી પાડવા કામ ચાલી રહ્યું છે.

# રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા જીએસટી સમજ સંદર્ભે સેમીનાર યોજાયો

રોટરી ક્લબ ઓફ કેપીટલ, ગાંધીનગર દ્વારા તા. ૧૫-૦૭-૨૦૧૭, શનિવારના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ હોલ, ગાંધીનગર ખાતે જીએસટી અંગેની સમજ માટેનો સેમીનાર યોજવામાં આવ્યો હતો.

મધુર ડેરીના ચેરમેન તેમજ કાર્યક્રમના મુખ્ય અતિથિશ્રી ડૉ. શ્રી શંકરસિંહ રાણા, મુખ્ય વક્તા શ્રી અમીશભાઈ ખંધાર (સીએ), રોટરી કલબના આસી. ગર્વનર શ્રી દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ, ટેલી સોલ્યુશનના રીજીયોનલ મેનેજર શ્રી સંજીવભાઈ દવેનું પુસ્તક થકી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથિશ્રી ડૉ. શ્રી શંકરસિંહ રાણા દ્વારા સૌજન્ય દાખવતા પોતાના સ્વાગત પ્રવચનને બદલે તેટલો સમય મુખ્ય વક્તાને મળી રહે અને તેનો લાભ ઉપસ્થિત સૌને મળે તેવા ઉમદા હેતુસર પ્રવચન કરવાને બદલે કાર્યક્રમને માણવાનું પસંદ કરેલ. ડૉ. શ્રી શંકરસિંહ રાણાએ કાર્યક્રમમાં આમંત્રણ આપવા બદલ સંસ્થાનો આભાર વ્યક્ત કરેલ.

ખૂબ જ અનુભવી તેમજ જાણીતા સીએ મુખ્ય વક્તા શ્રી અમીશભાઈ ખંધાર દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જીએસટી અંગે ઉમદા સમજ પૂરી પાડવામાં આવી. શ્રી અમીશભાઈએ જીએસટી શું ? ભારતના તમામ રાજ્યો પર તેના શું પરિણામો ? જીએસટી નેટવર્ક, રીવર્સ ચાર્જ, ઈવે બીલ, રજીસ્ટર્ડ - અનરજીસ્ટર્ડ સહિત જીએસટીને લગતા તમામ પાસાઓની ઝીણવટપૂર્વક ચર્ચા કરી. શ્રી અમીશભાઈએ જીએસટી નેટવર્ક ભારતમાં સુંદર નેટવર્ક છે તેમ જણાવી યુવાનોને નવા કાયદામાં એકટીવ થઈ સહભાગી થવા જણાવેલ. તેમણે કહ્યું ઈનવોઈસ મેચીંગ તે આપણાં માટે ખૂબ જ મોટી ચેલેન્જ છે, સમગ્ર વિશ્વમાંથી દરેક દેશોની મીટ આપણી આ ઈનવોઈસ મેચીંગ સિસ્ટમને જાણવા માટે છે. ડ્યુઅલ સ્ટ્રક્ચર સમગ્ર વિશ્વમાં બ્રાઝીલ, કેનેડામાં જ છે જે આપણાં ત્યાં પણ લાગુ પડેલ છે. જીએસટીએ ખૂબ જ મોટું પ્લેટફોર્મ બની રહેશે. અલબત્ત શ્રી અમીશભાઈએ જીએસટીને કારણે ઈન્સ્ટ્રીઝ માઈગ્રેટ થવાની પણ શંકા વ્યક્ત કરેલ. ઉપસ્થિત સદસ્યો દ્વારા કરવામાં આવેલા પ્રશ્નો તેમજ તેમની મૂંઝવણોને સીએ શ્રી અમીશભાઈ ખંધાર દ્વારા નિરાકરણ આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ. શ્રી અમીશભાઈ દ્વારા તેઓના દ્વારા તૈયાર કરાયેલ જીએસટીનું પુસ્તક સૌને વિનામૂલ્યે આપેલ.

ટેલી સોલ્યુશનનાં રીજીયોનલ મેનેજર શ્રી સંજીવભાઈ દવે અને તેમના સહયોગી દ્વારા ટેલીના જીએસટીના વિગત સાથેના લેટેસ્ટ વર્ઝનની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. જીએસટીમાં બિલો કેવી રીતે બનાવવા ? કઈ એન્ટ્રી ક્યાં લેવી ? એન્ટ્રી કર્યા બાદ ઓટો ફાઈલ કેવી રીતે જનરેટ થાય તે અંગેની તમામ માહિતી પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી. ઉપસ્થિત આમંત્રિતોના પ્રશ્નોના પણ તેઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવેલ. તેઓએ ટેલીના લેટેસ્ટ વર્ઝનનો લાભ લેવા પણ અપીલ કરી હતી.

કાર્યક્રમના અંતે રોટરી કલબના આસી. ગવર્નર શ્રી દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરની કામગીરીને બિરદાવતા રોટરી ઈન્ટરનેશનલ વિશે સુંદર માહિતી આપી હતી. તેઓએ રોટરીના "ફોર વે ટેસ્ટ"નો ભાવાર્થ સમજાવ્યો હતો. રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ શ્રી બી. કે. ચાવડા (સીએ) દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન રોટે. શ્રીમતી અમીબેન શાહ અને રોટે. સુશ્રી જયશ્રીબેન ખેતિયા દ્વારા કરવામાં આવેલ.

# કાંકરેજ તાલુકાની ૪૦ મહિલા આંગણવાડી કાર્યકર અને ૩૦ હેલ્પર બહેનોના ઈન્ટરવ્યુ યોજાયા

## ડિસા પ્રાંત અધિકારીના પ્રતિનિધિ બી.એમ. જોષીની અધ્યક્ષસ્થાને ૭૦ મહિલા કાર્યકર-તેડાગરના ઈન્ટરવ્યુ યોજાયા : ટીડીઓ, સીડીપીઓ, મામલતદાર ઉપસ્થિત

કાંકરેજ, તા. ૧૭

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાની આંગણવાડી, હેલ્પરની ભરતી આઈસીડીએસ ઘટક હેઠળ ખાલી પડેલ ગામોના વિસ્તારમાં મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રોમાં અરજીઓ મંગાવવામાં આવેલ જેનું ઈન્ટરવ્યુ તા. ૧૭-૭-૨૦૧૭ના રોજ ડિસા પ્રાંત અધિકારીના પ્રતિનિધિ બી.એમ. જોષીની અધ્યક્ષસ્થાને આંગણવાડી અને હેલ્પર (તેડાગર)નું ઈન્ટરવ્યુ યોજાયા હતા. જેમાં સભ્ય સચિવ તાલુકા વિકાસ અધિકારી કાંકરેજ એ.એમ. પટેલ તથા ઈ. મામલતદાર વી.એમ. પટેલ તેમજ સીડીપીઓ કાંકરેજ ઉપસ્થિત રહ્યા હતા અને આવેલ અરજદારોને રૂબરૂ બોલાવી ફોર્મ અને લીવીંગ સર્ટીફિકેટની તપાસણી કરી. મામલતદાર કચેરીના હોલમાં રૂબરૂ ઈન્ટરવ્યુ યોજાયા હતા. જો કે અમુક ગામડાઓમાં પાંચવાર પ્રયત્નો કરેલા છતાં પણ જગ્યા ભરવામાં આવેલ નહોતી. જ્યારે બાકીના ગામોમાં કોઈ બે ટ્રાયલ તો ક્યાંક પ્રથમ પ્રયત્નો કરવામાં આવેલ હતા. જેને લઈ મામલતદાર કચેરી ખાતે ૪૦ ગામોની યાદિમાં અરજીઓ સાથે ૭૦ અરજદારોનું ઈન્ટરવ્યુ યોજાયું હતું. જેમાં ૪૦ અરજદાર મહિલા આંગણવાડી કાર્યકર અને ૩૦ મહિલા હેલ્પર હાજર રહ્યા હતા અને શાંતિપૂર્વક અધિકારીઓની રાહબરી હેઠળ ઈન્ટરવ્યુ પૂર્ણ કરાયા હતા. જેમાં કેન્દ્રો કરશનપુરા, આકોલી-૩, આકોલીમીની-૪, કંબોઈ-૬, વાલપુરા-૧, શિહોરી-૧, રાનેર-૧, માનપુર-૧, માનપુર-૩, કસલપુરા-૨, ખીમાણા (રા), રૂની, રાનેર, ખોડા, સમણવા, ઈસરવા, કંબોઈ-૫, સહુજીવાસ, શિરવાડા, રણાવાડા (ખા), તખતપુરા, માનપુરા, વાલપુરા, વડા સહિત ૪૦ આંગણવાડી કાર્યકર હેલ્પરની જગ્યાઓ માટે અરજીઓ આવી હતી અને કુલ ૭૦ અરજદારોના ઈન્ટરવ્યુ લેવાયા હતા.



# આર.સી. પટેલ કોમર્સ પ્રવાહના વિદ્યાર્થીઓ સિરામિક કંપનીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૭

શ્રીમતી આર.સી. પટેલ હાયર સેકન્ડરી ધો-૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને શિક્ષણના ભાગરૂપે ઉત્પાદન સંચાલનની કામગીરીની જાણકારી મળે તે હેતુથી ગોલ્ફ સિરામિક લી. બલોલ, જી. મહેસાણા ખાતે લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રેકટીકલ જ્ઞાન મેળવી શકે તે હેતુથી ૧૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતી ગોલ્ફ સિરામિક કંપનીમાં લઈ જવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને જુદા જુદા વિભાગોની રસપૂર્વક જાણકારી આપવામાં આવી હતી. પ્રવાસમાં મેઘાબેન અયાચી અને જિતેન્દ્રભાઈ પટેલ જોડાયા હતા.





## મોડાસા માર્ગ પર બોર્ડમાં અટક્ચાળો

૩૦ જુન-૨૦૧૭ને શુક્રવારને રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કરેલા મોડાસા-રાજેન્દ્રનગર રાજ્ય ધોરીમાર્ગ પર જવાબદારતંત્ર દ્વારા ગઢડા અને લીંબોઈ નજીક લગાવેલ 'દારૂ પીકે ગાડી ના ચલાયે'ના બોર્ડથી કેટલાક દિવસથી અહીંથી પસાર થતા વાહનચાલકો અને પંથકના લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે કે ગુજરાતમાં તો દારૂબંધી છે તો આવા બોર્ડ લગાવવાનું તંત્રનું તર્ક સમજાતુ નથી. સરકારી તંત્ર પણ જાણતુ હશે કે દારૂબંધી તો ફક્ત કાગળ પર જ છે. વધુમાં આ લાગેલ બોર્ડ પર કોઈ ટીખળખોરે કે પછી અસામાજીક તત્વોએ બોર્ડ પરથી 'ના' શબ્દ કાઢી નાખતા બોર્ડ લોકો અને વાહનચાલકોમાં મજાકનુ પાત્ર બની ગયું છે. જવાબદાર તંત્ર દ્વારા જ્યારે આ અંગે બંને બોર્ડ લગાવ્યા ત્યારે કેમ કોઈ વિરોધ ના કર્યો કે ગુજરાતમાં દારૂબંધી છે તો કેમ આવા બોર્ડ લગાવો છો અને જો ધ્યાન પર બોર્ડ લગાવતા સમયે ધ્યાન ના હોય તો હજુ સુધી ધ્યાન કેમ ના ગયું. બોર્ડ કેમ નિકાળી ના લેવડાવ્યા એ પણ ચર્ચાસ્પદ બન્યુ છે. પોલીસતંત્રને પણ ખબર છે કે શું અરવલ્લી જિલ્લામાં વાહનચાલકો દારૂ પીને વાહનો ચલાવે છે.. કેમ પોલીસ તંત્ર દારૂ પીને વાહન ચાલકોને પ્રોહીબેશન એક્ટ હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરતી નથી, જેવા અનેક સવાલો લોકોના મનમાં સરકારી તંત્રના લગાવેલ બોર્ડથી ઉદભવ્યા છે.

## વાતાવરણ પ્રદુષિત... ● છેલ્લા પાનાનું ચાલુ

છેવાડાના ગામ જેવી બદતર હાલત છે. શહેરના અસ્તિત્વ સમયે નિર્માણ કરાયેલા ગટર લાઈનના નેટવર્કમાં છેલ્લા ચાર દાયકાથી વધુ સમયના અંતે પણ કોઈ સુધાર આવ્યો નથી. સેકટરોમાં છેલ્લા પાંચ વર્ષથી રોજબરોજ ગટરો ઉભરાવાની સમસ્યાથી રહીશો ગળે આવી ગયા છે. સેકટરોમાં રોજ રહીશોના ઘર આંગણે ગટરોના દુષિત પાણીનો ભરાવો થાય છે. જુના અને નવા સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા હવે કાયમી બની છે. સ્થાનિક ઈન્કવાયરી કચેરીઓ પણ મરણ પથારીએ છે. ત્યારે મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે આમ નાગરિકોની ફરિયાદોનુ પણ લાંબા સમય સુધી કોઈ નિરાકરણ આવતુ નથી. એકબાજુ હાઈટેક વિકાસની સોહામણી વાતો વચ્ચે સરકારી અફસરો અને નેતાઓ સામાન્ય નાગરિકોને નગરને સ્માર્ટ બનાવાની વાતો હાંકી રહયા છે. ત્યારે પાટનગરમાં માળખાગત સુવિધાઓ પણ ચાર દાયકાઓના અંતે યોગ્ય થઈ શકી નથી. ગ્રામ્ય વિસ્તાર તો દુરની વાત પરંતુ રાજયના પાટનગરમાં જ ઉબડ ખાબડ માર્ગોની સાથે શેરીઓમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાઈ રહયુ છે. જયારે બીજીતરફ રહીશોના ઘરમાં પણ પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. શહેરમાં ચાર દાયકા જુની ગટરલાઈનને અપગ્રેડ કરવા માટે કોઈ પગલા લેવાયા નથી જેના પરિણામે સેકટરવાસીઓને ડગલે ને પગલે મુંઝવણમાં મુકવાનો વારો આવ્યો છે. શહેરમાં દાયકાઓ જુના ૪૦૦ કી મી જેટલા ગટરલાઈનના નેટવર્કમાં જુના ૧૫૦ થી ૩૦૦ ના ડાયામીટરની લાઈનો હવે સેકટરની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત રહી નથી. જયારે મેઈનહોલની જર્જરિત દિવાલો પણ ઘસી પડતા ગટર લાઈન ચોક અપ થવાની ફરિયાદો સેકટરવાસીઓ માટે મુંઝવણનુ કારણ બની છે. ગટર લાઈન જમીનમાં ઘરબાઈ જતા કેટલાક ઠેકાણે મોટા ભુવાઓ પડ્યા છે. જયારે સ્માર્ટ સીટી બનવા તરફ જઈ રહેલા પાટનગરમાં રહીશોના ઘરોમાં રોજબરોજ ગટરોનુ દુષિત પાણી ઉભરાય છે. મેન પાવર અને મશીનરીના અભાવ વચ્ચે કામ કરતા તંત્ર માટે પણ ગટરલાઈનની સમસ્યા શિરદર્દ સમાન બની છે.ત્યારે આમ નાગરિકો દયાજનક સ્થિતિમાં હોય તે સ્વાભાવિક છે.

## ભીષણ ગોળીબાર... ● પહેલા પાનાનું ચાલુ

જારી રાખવામાં આવ્યો છે. પાકિસ્તાન દ્વારા સતત ગોળીબાર કરવામાં આવ્યા બાદ ભારતીય સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. જો કે આમાં કોઈ ખુવારી થઈ હોવાના હેવાલ મળ્યા નથી. દરમિયાન ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે સર્ચ ઓપરેશન જારી છે. પાકિસ્તાની સેનાએ પુચના બાલાકોટે અને રાજોરીના મંજાકોટ વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો. એકલા જુન મહિનામાં પાકિસ્તાની સેના દ્વારા યુદ્ધવિરામના ભંગના ૨૦ બનાવો બની ગયા છે. બીએટી દ્વારા એક હુમલો કરવામાં આવ્યો છે. જુન મહિનામાં પાકિસ્તાન દ્વારા ઘુસણખોરીના બે પ્રયાસો કરવામાં આવ્યા છે. પાકિસ્તાનની આ કાર્યવાહીમાં ત્રણ જવાન સહિત ચાર લોકોના મોત થયા છે. અને ૧૨ લોકો ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે હજુ સુધી ૧૦૨ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. છેલ્લા સાત વર્ષમાં જાન્યુઆરી અને જુલાઈ વચ્ચેના ગાળામાં સૌથી વધારે ત્રાસવાદીઓનો ખાતમો કરવામાં આવ્યો છે. સુરક્ષા દળોએ લશ્કરે તોયબા, હિઝબુલ મુજાહીદીન અને જેશે મોહમ્મદના ત્રાસવાદીઓનો ખાતમો કર્યો છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓમાં લશ્કરે તોયબાનો કમાન્ડર બશીર લશ્કરી અને હિઝબુલનો કુખ્યાત ત્રાસવાદી સબ્જાર અહેમદનો સમાવેશ થાય છે. લશ્કરી દક્ષિણ કાશ્મીરમાં છ પોલીસ જવાનની હત્યામાં સામેલ હતો. ૧૨મી જુલાઈ સુધી ૧૦૨ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આની સાથે જ છેલ્લા સાત વર્ષના ગાળામાં સૌથી વધારે ત્રાસવાદીઓ આ ગાળામાં ફુકાયા છે.

આ અગાઉ વર્ષ ૨૦૧૦માં જાન્યુઆરી અને જુલાઈ વચ્ચેના ગાળામાં સૌથી વધારે ૧૫૬ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ગયા વર્ષે આ અવધિમાં ૭૭ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ત્રાસવાદીઓ સામે એક અભિયાન હેઠળ કાર્યવાહી વધારે તીવ્ર કરવામાં આવી છે. ખીણમાં ત્રાસવાદીઓ સામે આગામી દિવસોમાં વધારે આક્રમક કાર્યવાહી કરવામાં આવનાર છે. ત્રાસવાદીઓ પર દબાણ લાવવા માટે પણ ઓપરેશન ખાસ રીતે ચાલી રહ્યુ છે. ત્રાસવાદીઓની સામે મોટા ભાગે અભિયાન દક્ષિણ કાશ્મીરના પુલવામાં, શોપિયાન, અનંતનાગમાં કરાયા છે.

## કોવિંદ નિશ્ચિત... ● છેલ્લા પાનાનું ચાલુ

આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. સૌથી પહેલા મતદાન કરનારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ રહ્યા હતા. સવારે ભારે ઉત્સાહ વચ્ચે મતદાનની શરૂઆત કરાયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલ્યું હતું. સંસદના બન્ને ગૃહોમાં મતદાન માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજ્ય વિધાનસભામાં પણ ચૂંટાયેલા ધારાસભ્યો દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. ઉત્તરપ્રદશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ ઉત્તર વિધાનસભામાં મતદાન કરવા માટે પહોંચ્યા હતા. મધ્યપ્રદેશ અને અન્ય રાજ્યોમાં પણ મતદાન યોજાયું હતું. ૨૦૧૨માં છેલ્લી રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી જેમાં પ્રણવ મુખર્જીએ પીએ સાંગ્માને હાર આપી હતી અને ૬૯ ટકાથી વધારે મત મેળવ્યા હતા. બેલેટ પેપરો સવારે મતદાન મથકો ઉપર પહોંચ્યા હતા. સાંસદોને ઈલેક્ટોરલ કોલેજમાં તેમના સિરિયલ નંબરની માહિતી આપી દેવામાં આવી હતી. મતદાનના અંતે બેલેટ બોક્સ સોમવાર સાંજથી સંસદીય ગૃહમાં લાવવાની શરૂઆત થઈ હતી. બેલેટ બોક્સને સ્ટ્રોંગ રુમમાં મુકવામાંઆવી રહ્યા છે. ૨૦મી જુલાઈના દિવસે બેલેટ બોક્સના સીલ ખોલવામાં આવશે જેમાં ચૂંટણી પેનલના નિરીક્ષકો અને બે ઉમેદવારોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. જીતેલા ઉમેદવારને રિટર્નિંગ ઓફિસર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. વિમાની મથકથી સીધીરીતે સંસદ સુધી બેલેટ પેપર પહોંચે તેની ખાતરી કરવા ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

આજે દેશના ૧૪માં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન યોજાયું હતું. રામનાથ કોવિંદ અને મીરાકુમાર બંને દલિત સમુદાયમાંથી આવે છે. બંને દ્વારા ચૂંટણીમાં જીત મેળવવા માટેના પોતપોતાની રીતે પ્રયાસો કરવામાં આવી ચુક્યા છે. રામનાથ કોવિંદ મુખ્યરીતે ભાજપ સાથે જોડાયેલા છે. તેમને કેટલાક પ્રાદેશિક પક્ષોને ટેકો મળી ચુક્યો છે. બીજી બાજુ કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો દ્વારા સંયુક્તરીતે મીરાકુમારને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. વિરોધ પક્ષો આને શાસક પક્ષની સામે વૈચારિક લડાઈ તરીકે ગણાવી રહ્યા છે. ચૂંટણીમાં મતગણતરીની પ્રક્રિયા ૨૦મી જુલાઈના દિવસે યોજાશે. એજ દિવસે પરિણામ પણ જાણી શકાશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની અવધિ પૂર્ણ થાય તેના ચાર દિવસ પહેલા પરિણામ આવી જશે. નવા રાષ્ટ્રપતિ ૨૫મી જુલાઈના દિવસે જવાબદારી સંભાળી લેશે. અધિકારીઓનું કહેવું છે કે, સંસદીય ગૃહમાં મતદાન રૂમ નંબર ૬૨માં થયું હતું. આંકડાકીય ગણતરી પર ધ્યાન આપવામાં આવે તો બિહારના પૂર્વ રાજ્યપાલ કોવિંદ મીરાકુમારથી આગળ છે. જનતાદળ યુનાઈટેડ, બીજુ જનતાદળ દ્વારા પણ તેમને ટેકો આપવાનો નિર્ણય કરાયો છે. એક સમયે ભાજપની સાથે રહેલા આ બંને પક્ષો કોવિંદની તરફેણમાં મતદાન કરનાર છે. જનતા દળ યુનાઈટેડ ૧.૯૧ ટકા ઈલેક્ટોરલ વોટ ધરાવે છે જ્યારે બીજેડી ૨.૯૯ ટકા ઈલેક્ટોરલ કોલેજ વોટ ધરાવે છે. તેલંગાણામાં ટીઆરએસ બે ટકા, અન્નાદ્રમુક ૫.૩૯ ટકા, વાયએસઆર કોંગ્રેસ ૧.૫૩ ટકા ઈલેક્ટોરલ કોલેજ વોટ ધરાવે છે. આજે સવારથી જ મતદાનને લઈને ભારે ઉત્સાહ સાંસદો અને ધારાસભ્યોમાં દેખાયો હતો. કેરળ, તમિળનાડુ, મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્ર સહિતના રાજ્યોમાં શરૂઆતમાં ધીમીગતિએ મતદાન થયું હતું.

## ટ્રેઈન હવે ટૂંકમાં... ● છેલ્લા પાનાનું ચાલુ

મંજૂરી મળતાં ટેન્ડરીંગ કરાયુ હતુ જે ટેન્ડરને પણ આજે મંજૂરી મળી ગઈ છે. હવે થોડા સમયમાં આ નવી ટ્રેઈન દોડતી થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. આ કંપનીને એકાદ સપ્તાહમાં વર્ક ઓર્ડર આપી દેવામાં આવશે તેમ પણ જાણવા મળેલ છે. આજની સ્થાયી સમિતિમાં મહાનગરપાલિકામાં કન્ટેઈનર નંગ ૧૪૭ નિર્ધારીત સમય કરતાં વિલંબથી પુરા પાડવા માટે એજન્સીને રૂ. ૧.૪૯ લાખનો દંડ ફટકારવા અને તે વસુલી કંપનીને તેનુ બાકી ચુકવણુ કરી દેવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં ફાયર ઓફિસર માટે નોન એ.સી. જીપ ખરીદવા માટે ભાવ મંગાવી અને દરખાસ્ત રજુ કરવા મ્યુનિ. કમિશનરને સૂચવવામાં આવ્યું હતું.

## રાહત કેમ્પમાં... ● છેલ્લા પાનાનું ચાલુ

આસામમાં પુરની જ્યાં સુધી વધારે અસર થઈ છે તેમાં લખીમપુર, શિવસાગર, કચાર, ધેમાજી, વિશ્વનાથ, જોરહાત, ગોલાઘાટ, કરીમગંજ, સોનિતપુર અને નાલબેરીનો સમાવેશ થાય છે. રાજ્યના ૨૫ જિલ્લાના આશરે ૧૫ લાખ લોકો હજુ પણ પુરના સકંજામાં છે. પુર અને ભારે વરસાદના કારણે ૭૩થી વધારે પ્રાણીઓના પણ મોત થઈ ચુક્યા છે. ગેન્ડા માટે વિશ્વભરમાં લોકપ્રિય કાજીરંગા નેશનલ પાર્ક પાણીમાં ગરકાવ છે. પ્રાણીઓને અન્યત્ર ખસેડી લેવાની કામગીરી પણ ચાલી રહી છે. કાજીરંગા નેશનલ પાર્કમાં ૬૨ ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ છે. પાર્ક નજીકથી પસાર થતા વાહનોની ટક્કરથી પણ કેટલાક અસામાન્ય પ્રાણીઓના મોત થયા છે. હાલમાં ૨૨૪૦ ગામો જળબંબાકાર છે. ગુવાહાટીમાં પણ કેટલીક જગ્યાએ પાણી ભરાયેલા છે. રાજ્ય સરકાર દ્વારા ૩૬૩ રાહત કેમ્પ ચલાવવામાં આવી રહ્યા છે. ૧૯ જિલ્લામાં ડિસ્ટ્રીબ્યુશેન સેન્ટર ચાલી રહ્યા છે. સરકારે ૨૯૦૩.૨૫ક્વિન્ટલ ચોખા અને ૫૯૬.૯૨ ક્વિન્ટલ કઠોળની ફાળવણી કરી છે. બચાવ અને રાહત કામગીરીમાં હવે રેલવે તંત્રના લોકો જોડાયા છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ વરિષ્ઠ રેલવે અધિકારીઓને રાહત સામગ્રીના પુરવઠા માટે રાજ્યો સાથે સંકલન કરવા આદેશ કર્યા છે. આસામમાં તમામ અસરગ્રસ્ત જિલ્લાઓના વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન ધરાવનાર કાજીરંગા નેશનલ પાર્કમાં ૨૫૦૦ ગેન્ડા રહે છે. વિશ્વમાં કુલ ગેન્ડાની સંખ્યા ૩૦૦ છે જે પૈકી ૨૫૦૦ ગેન્ડા આ સ્થળ પર છે. પુરના કારણે હરણ સહિત કુલ ૭૩ પ્રાણીઓના મોત થયા છે. તમામ પ્રકારની મદદ કરવા ખાતરી કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવી છે. ગુવાહાટીથી પ્રાપ્ત હેવાલ મુજબ રાજ્યમાં પુરની સ્થિતી હવે ધીમી ગતિથી હળવી બની રહી છે. કુલ ૨૫ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે.

આસામમાં મોતનો આંકડો વધીને ૬૧ ઉપર પહોંચી ગયો છે.એકલા લખીમપુર જિલ્લામાં ત્રણ લાખથી વધારે લોકો પુરના સકંજામાં આવી ગયા છે. તમામ મોટી નદીઓ અને તેમની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. આસામના મુખ્યપ્રધાન સર્વાનંદ સોનોવાલ દ્વારા આજે કહેવામાં આવ્યુ હતુ કે સ્થિતી ખુબ વિકટ છે. તેમણે કહ્યુ છે કે પુરની સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.